**કાન્તિ ભટ્ટ**

## ભૌતિકતાવાદ અને ભોગવાદનું ધોરણ વિષમ પ્રકારની અસમાનતા સર્જે છે

Pray, the success will not come any faster than you are able to endure it.

- Elbert Hubbard

નિષ્ફળતા પચાવવી અઘરી છે, પણ સફળતા પચાવવી એથીયે અઘરી છે. જે વ્યક્તિ ઓછા પુરુષાર્થથી જલ્દી સફળ થાય છે તેને માટે સફળતા મોટું જોખમ છે. જો તે અધૂરા પાત્ર જેવી હોય તો પ્રથમ તેના મનમાં અહંકાર આવી જાય છે અને પછી તે ઉદ્ધત બની જાય છે. આપણી સફળતાનો આધાર આસપાસના તમામ લોકોના સહકાર પર તેમ જ અનુકૂળ સંયોગો પર છે. તમારી જાણ વગર કેટલાંક લોકોએ અનુકૂળ સંયોગો પેદા કર્યા હોય છે, એટલે ઈશ્વરને પ્રાર્થના કરો કે 'હે ઈશ્વર, મને જરૂર સફળતા આપ, પણ એવે સમયે જ આપ જ્યારે એ સફળતાને હું યોગ્ય હોઉં અને તેને પચાવી શકું.' કવિ વૃંદે અધીરિયા અને અધૂરા પાત્ર માટે સરસ પંક્તિ કહી છે:

ઓછે નર કે પેટ મેં રહૈ ન મોટી બાત
આધ સેર કે પાત્ર મેં કૈસે સેર સમાત

ફ્રિજોફ કાપ્રા નામના પદાર્થવિજ્ઞાની પાછળથી આધ્યાત્મવાદી બન્યા. એમણે 'અનકોમન વિઝડમ' નામના પુસ્તકમાં અમેરિકાના ભૌતિકવાદની ટીકા કરવા સાથે તેના ભોગવાદની પણ ટીકા કરી છે: 'અમેરિકા દાવો કરે છે કે તેનું અર્થતંત્ર ખૂબ જ કુશળતાથી ચાલે છે. પણ જગતની કુલ વસતિના છ ટકા જેટલો જ હિસ્સો ધરાવતું અમેરિકા જગતના કુલ સાધનો અને ખાદ્યોમાંથી ૪૦ ટકા ખાદ્યો આરોગી જતું હોય તો તે કઇ જાતની કુશળતા છે ? આજુબાજુના જગતના માનવીને પૂરું ખાવાનું સુખ ન મળતું હોય ત્યારે અમેરિકાને મળતું ભોગનું સુખ એ કોઇ આર્થિક સફળતા નથી...અમેરિકનો માટે ધન એ મોટો ધર્મ છે. એ લોકો માટે પૈસો પરમેશ્વર છે. અમેરિકનો રાષ્ટ્રધ્વજ જ જાણે નફાખોરીનું પ્રતીક બની ગયો છે. અમેરિકનો સતત પ્રવૃત્તિ, નફો અને પછી ચીજોના ભોગવટામાં ચકચૂર રહે છે. અમેરિકનો વધુમાં વધુ ખાદ્યો પેદા કરે છે, તે ખાદ્યોમાં વધુમાં વધુ નફો કરે છે, પણ એ ખાદ્યોની કવૉલિટી કનિષ્ઠ થતી જાય છે. સંતરા-મોસંબીને કૃત્રિમ કલર આપવા રસાયણ છાંટે છે. બ્રેડને સફેદ બનાવવા રસાયણો વાપરે છે. અરે, દહીં(યોગર્ટ)ને ટકાવવા માટે તેમાં રંગ અને રસાયણો ઉમેરે છે. ટમેટાંના છોડ પર પ્રવાહી મીણ છાંટે છે, જેથી ટમેટાં ચમકીલો રંગ આપે. આવું જ કપડાં, રહેઠાણો, મોટરકાર અને બીજી ચીજોમાં બને છે. બાહ્ય ઠાટ માટે દરેક ચીજની આંતરિક કવૉલિટી બગાડે છે. આમ, અમેરિકનો વધુ ને વધુ પૈસા બનાવે છે પણ તેનાથી ધનિક થતા નથી, ગરીબ બની રહ્યા છે. કારણ કે આ લોકો વંઠેલી ચીજો આરોગે છે. અર્થતંત્ર વિકસે છે તેનો પૈસામાં લાભ મળે છે, પણ તેનાથી કુદરતી સંપત્તિ લૂંટાય છે. બેડોળ બિલ્ડિંગો ઊભાં થાય છે. રસાયણોથી હવા પ્રદૂષિત થાય છે. નદીઓ અને સરોવરો બગડે છે.'

ઉપર મુજબ અમેરિકાની વાત થઇ. અમેરિકામાં લોકો ઠંડા પીણાં અને પિત્ઝાથી થાક્યા છે. ત્યાં હવે લોકો ખાંડ વગરની કૉફી અને ખાંડ વગરના ઠંડા પીણાં પીએ છે. અમેરિકાની એ કહેવાતી સમૃદ્ધિ હવે ભારતમાં આવી છે. પ્રો. એસ કે. ગોયલ કહે છે કે ભારતના ટેલિવિઝન ઉપર જે જાહેરખબરો આવે છે ચોકલેટ, આઇસ્ક્રીમ, પિપરમિન્ટ, પીણાંઓ વગેરે તમામ ચીજોમાં ખાંડ વપરાય છે. ભારતનો સમૃદ્ધ વર્ગ ગરીબ વર્ગની જરૂરિયાત માટેની ખાંડને શોખ માટે આરોગે છે. સાવ બિનજરૂરી વપરાશી ચીજો બનાવવા જ અમેરિકન કંપનીઓએ ભારતમાં રૂ. ૧૦૪ કરોડ એકલા ૧૯૮૭ના વર્ષમાં રોક્યા હતા. શોખીન અને સમૃદ્ધ વર્ગ શોખ માટે ખાંડ, દૂધ, બટર અને તેલની બનાવેલી ચીજો તેનું સ્વાસ્થ્ય બગડે તેટલા પ્રમાણમાં અકરાંતિયા થઇને આરોગે છે. ગરીબોને બે ટાઇમ ચા માટે ખાંડ અને આવશ્યક પોષણ માટે બે ટીપાં તેલનાં ફાંફાં છે. અમેરિકાનું ભોગવાદનું આ ધોરણ આપણા દેશમાં વિષમ પ્રકારની અસમાનતાની સ્થિતિમાં આવી પહોંચ્યું છે. એક નાનો વર્ગ વધુ પડતું ભોગવીને દુ:ખી છે, બીજો વર્ગ તંગીથી દુ:ખી છે. આ વિષમતા દૂર કરવા ગાંધીજીએ વિચારેલું અર્થતંત્ર જ છેલ્લો ઉપાય છે.